પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૭ | ૯ ફેબ્રુઆરી, ૨૦૨૩, ગુરૂવાર; મહા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# હવે, દરેક લોન મોંઘી બનશે

## રેપો રેટમાં ફરીવાર ૦.૨૫ ટકાનો વધારો : ડિસે.માં પણ બેન્ચમાર્ક દરમાં ૦.૩૫ ટકાનો વધારો થયો હતો



નવી દિલ્હી, તા.૮

સામાન્ય નાગરિકોને વધુ એક આંચકો આપીને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ આજે રેપો રેટમાં વધુ ૦.૨૫ ટકાનો વધારો કર્યો છે. તેના કારણે બેન્કો પણ પોતાના વ્યાજદર વધારશે. જેથી હોમ લોન અને પર્સનલ લોન સહિત દરેક પ્રકારની લોન મોંઘી પડશે. હવેથી રેપો રેટ ૦.૨૫ ટકા વધીને ૬.૫૦ ટકા થયો છે. આરબીઆઈએ આજે તેની નાણાકીય નીતિની જાહેરાત કરી હતી. રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંતા દાસે જણાવ્યું કે રેપો રેટમાં ૦.૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

ડિસેમ્બરમાં નાણાકીય નીતિ વખતે પણ બેન્ચમાર્ક દરમાં ૦.૩૫ ટકાનો વધારો કરવામાં આવ્યો હતો. ગયા વર્ષના મે મહિનાથી અત્યાર સુધીમાં આરબીઆઈએ રેપો રેટમાં ૨.૨૫ ટકાનો વધારો કર્યો છે. ફુગાવાને અંકુશમાં રાખવા માટે આરબીઆઈ સતત મુખ્ય રેટમાં વધારો કરતી જાય છે.

આરબીઆઈના ગવર્નર શક્તિકાંતા દાસે જણાવ્યું કે રિઝર્વ બેક્રની પોલિસીમાં એકોમોડેટિવ પોલિસી પરત ખેંચવા પર ફોકસ કરવામાં આવ્યું છે. આરબીઆઈએ હાલના જિયોપોલિટિકલ તણાવ અને

● અનુસંધાન પાન-પર

### ભારતીય રિઝર્વ બેંકે રેપો રેટ વધારતા બજારમાં તેજી

# સેન્સેક્સમાં ૩૭૮, નિફ્ટીમાં ૧૫૦ પોઈન્ટનો ઉછાળો

## અદાણી ગ્રૂપના મોટાભાગના શેર ગ્રીન સિગ્નલ સાથે બંધ, અદાણી ટોટલ ગેસ-અદાણી ગ્રીન એનર્જીના શેરમાં ઘટાડો

મુંબઈ, તા.૮

ભારતીય રિઝર્વ બેંક દ્વારા વ્યાપકપણે અપેક્ષિત રેપો રેટમાં વધારો કર્યા બાદ બુધવારે ભારતીય શેરબજારમાં તેજી જોવા મળી હતી. સેન્ટ્રલ બેંકે અર્થશાસ્ત્રીઓની અપેક્ષા અનુસાર કી પોલિસી રેપો રેટમાં ૨૫ બેસિસ પોઈન્ટનો વધારો કર્યો છે. જેના કારણે બજારમાં ધમધમાટ જોવા મળ્યો હતો. સાંજે બજાર બંધ થતાં, પેટીએમના શેરધારકોને તેજીનો લાભ મળ્યો, જ્યારે ઝોમેટોના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો. તે જ સમયે, અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ, સિમ્ફની, સુપ્રિયા લાઈફ સાયન્સ, અરબિંદો ફાર્મા, બજાજ ફાઈનાન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટના શેરમાં ઉછાળો નોંધાયો હતો. જ્યારે અદાણી ગ્રીન, અદાણી ટોટલ ગેસ, ભારત ડાયનેમિક્સ, એચડીએફસી બેક્રના શેરમાં ઘટાડો થયો હતો.

વૈશ્વિક બજારમાં તેજીના સંકેતો વચ્ચે બુધવારે આરબીઆઈ એમપીસીના નિર્ણયોની સકારાત્મક અસર સ્થાનિક શેરબજારમાં જોવા મળી હતી. પરિણામે શેરબજાર જોરદાર બંધ થયું હતું. સેન્સેક્સ રૂ. ૩૭૭.૭૫ અથવા ૦.૬૩ ટકાના વધારા સાથે ૬૦,૬૬૩.૭૯ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૫૦ પણ ૧૫૦.૨૦ પોઈન્ટ અથવા ૦.૮૫ ટકાના વધારા સાથે ૧૭,૮૭૧.૭૦ પર મજબૂત બંધ રહ્યો



હતો.

બુધવારે જ્યારે શેરબજાર બંધ થયું ત્યારે પેટીએમના શેરમાં વધારો નોંધાયો હતો. પેટીએમનો શેર રૂ. ૯૧.૪૦ અથવા ૧૫.૫૩ ટકા વધીને રૂ. ૬૮૦ પ્રતિ શેર પર પહોંચ્યો હતો. એ જ રીતે ઝોમેટોનો શેર રૂ. ૪.૪૫ અથવા ૯.૦૨ ટકા વધીને રૂ. ૫૩.૮૦ પર બંધ થયો હતો.બુધવારે જ્યારે સ્થાનિક શેરબજાર બંધ થયું ત્યારે અદાણી ગ્રૂપના મોટાભાગના શેર ગ્રીન સિગ્નલ સાથે બંધ થયા હતા. અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૨૦ ટકા એટલે કે રૂ. ૩૬૦.૫૫નો ઉછાળો નોંધાયો હતો.

# તુર્કી-સીરિયામાં મૃત્યુઆંક ૮૦૦૦ પર પહોંચ્યો

**ભૂકંપના સતત આંચકાથી ૧૦ ફૂટ ખસી ગયું તુર્કી : તુર્કી અનેક પ્રમુખ ફોલ્ટલાઈન પર સ્થિત છે જે એનાટોલિયન પ્લેટ, અરેબિયન પ્લેટ અને યુરેશિયન પ્લેટ સાથે જોડાયેલું છે જેના કારણે અહીં ભૂકંપ આવે છે**

નૂરદાગી, તા.૮

તુર્કી માટે અઠવાડિયાનો પહેલો દિવસ આફત લઈને આવ્યો. વહેલી સવારે ૪.૧૭ મિનિટ પર ભૂકંપના પહેલા ઝટકાએ અનેક જિંદગીઓ બુઝાવી નાખી. ત્યારબાદ આવી રહેલા સતત ભૂકંપના ભીષણ આંચકા અને આફટરશોકે અનેક મોટા શહેરોને કાટમાળમાં ફેરવી દીધા. આ બધા વચ્ચે એક્સપર્ટ્સે જણાવ્યું કે ભૂકંપ એટલો શક્તિશાળી હતો કે તેનાથી તુર્કી ૧૦ ફૂટ સુધી ખસી ગયું છે.

ઈટલીના ભૂકંપ વૈજ્ઞાનિક ડો. કાર્લો ડોગ્લિયોનીએ જણાવ્યું કે સીરિયાની સરખામણીમાં તુર્કીની ટેક્ટોનિક પ્લેટ્સ પાંચથી છ મીટર સુધી સરકી હોઈ શકે છે. હકીકતમાં તુર્કી અનેક પ્રમુખ ફોલ્ટલાઈન પર સ્થિત છે જે એનાટોલિયન પ્લેટ, અરેબિયન પ્લેટ અને યુરેશિયન પ્લેટ સાથે જોડાયેલું છે. જેના કારણે અહીં ભૂકંપ આવવાનું જોખમ વધુ રહે છે. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે એનાટોલિયન પ્લેટ અને અરેબિયન પ્લેટની વચ્ચે ૨૨૫ કિલોમીટરની ફોલ્ટલાઈન તૂટી ગઈ છે.

તેમણે કહ્યું કે જો કે હજુ સુધી પ્રાથમિક ડેટાના આધાર પણ આવું કહેવામાં આવી રહ્યું છે. આગામી કેટલાક દિવસોમાં સેટેલાઈટ્સથી વધુ સટીક જાણકારી મળી શકશે.

# કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીની અટકાયત

## કાશ્મીરમાં અતિક્રમણની કાર્યવાહીનો વિરોધ : પોલીસે મહેબૂબાની સાથે રહેલા નેતાઓની અટકાયત કરી

નવી દિલ્હી, તા.૮

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફ્તીની પોલીસે દિલ્હીમાં અટકાયત કરી છે.



મહેબૂબા મુફ્તી જમ્મુ-કાશ્મીરમાં અતિક્રમણ વિરુદ્ધ વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીનો વિરોધ કરવા દિલ્હી આવ્યા હતા. આ દરમિયાન પોલીસે મહેબૂબાની સાથે રહેલા નેતાઓની પણ અટકાયત કરી છે. આ દરમિયાન મહેબૂબા મુફ્તીએ કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં ગુંડા રાજ છે અને તેને અફઘાનિસ્તાનની જેમ તબાહ કરવામાં આવી રહ્યું છે.

પીડીપી ચીફ મહેબૂબા મુફ્તીએ ૬ ફેબ્રુઆરીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, જમ્મુ-કાશ્મીરને દેશનો તાજ કહેવામાં આવતું હતું પરંતુ આજે તે મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યું છે. તેમની નફરતની રાજનીતિ જમ્મુ-કાશ્મીરથી શરૂ થાય છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવ્યા બાદ કાશ્મીર અફઘાનિસ્તાન જેવું લાગશે કારણ કે ત્યાં બુલડોઝર છે. મુફ્તીએ કહ્યું કે ૩૭૦ નાબૂદ કર્યા બાદ અમારી ઓળખ ખતમ થઈ ગઈ છે.

મહેબૂબા મુફ્તીએ કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરમાં જે થઈ રહ્યું છે તે એક્સટ્રીમ છે. અમેરિકાએ અફઘાનિસ્તાન પર બોમ્બમારો કરીને તેને એક જ વારમાં ઉડાવી દીધું. મારા મતે જમ્મુ અને કાશ્મીરમાં જેટલા બુલડોઝર ચલાવવામાં આવે છે તેટલા બીજા કોઈ રાજ્યમાં ચલાવવામાં નથી આવ્યા. કાશ્મીરમાં પોતાના જ લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. તેઓ જમ્મુ-કાશ્મીરને અફઘાનિસ્તાનમાં ફેરવવા માંગે છે. પહેલા હિંદુ-મુસ્લિમ, પછી પહાડી-ગુર્જર અને હવે તેઓ અમીર અને ગરીબ વચ્ચે લડાઈ ઉભી કરી રહ્યા છે.

# દેશ દરેક ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યો છે, કેટલાક તેને સ્વિકારી શકતા નથી : મોદી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપવા દરમિયાન વિરોધપક્ષો પર આકરા પ્રહાર કર્યા

નવી દિલ્હી, તા.૮

સંસદના બજેટ સત્રની કાર્યવાહીનો આજે સાતમો દિવસ છે. બજેટ સત્રના સાતમા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણની શરૂઆતમાં જ રાહુલ ગાંધીનું નામ લીધા વગર આક્રમક પ્રહારો સાથે કરી હતી. તેમણે કહ્યું કે, હું ગઈકાલે જોઈ રહ્યો હતો કે કેટલાક લોકોના ભાષણ પછી તેમના સમર્થકો કૂદી રહ્યા હતા. કેટલાક લોકો બોલી રહ્યા હતા ત્યારે સમગ્ર ઈકોસિસ્ટમ ઉછળી રહી હતી. ગઈકાલે તેમને કદાચ સારી ઊંઘ આવી હશે અને એવું પણ બન્યું હોત કે તેઓ કદાચ આજે જાગી શક્યા ન હોત. કેટલાક લોકો તો એમ પણ કહી રહ્યા છે કે આ થઈ જોરદાર વાત!

લોકસભામાં પીએમ મોદીએ રાષ્ટ્રપતિના અભિભાષણ પર જવાબ આપ્યો છે. તેમના સંબોધનની શરૂઆત પણ જય શ્રી રામના નારા સાથે થઈ હતી. પીએમ મોદીએ તેના સંબોધનમાં રાષ્ટ્રપતિને અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે વિઝનરી ભાષણ દ્વારા તમે કરોડો દેશવાસીઓનું માર્ગદર્શન કર્યુ છે. જ્યારે બીજી બાજુ પીએમ મોદીનું ભાષણ શરૂ થાય તે પહેલા જ બીઆરએસના સભ્યોએ વોકઆઉટ કર્યું હતું.

પીએમ મોદીએ કહ્યું કે સંકટના માહોલમાં દેશને જે રીતે સાચવ્યો, આખો દેશ આત્મવિશ્વાસથી ભરેલો છે. પડકારો વિના જીવન શક્ય જ

● અનુસંધાન પાન-પર

# મોદીએ રિસાયકલ કરેલી પ્લાસ્ટિકની બોટલથી તૈયાર થયેલું જેકેટ પહેર્યું

## સંસદમાં પીએમ જે જેકેટ પહેરીને આવ્યા હતા તે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન તરફથી તેમને ભેટ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૮

પીએમ મોદીની વેશભૂષા હંમેશા ચર્ચામાં રહે છે. પછી ભલે તે પ્રજાસત્તાક દિવસ હોય કે સ્વતંત્રતા દિવસનો સમારોહ. આ વખતે પીએમ મોદીની જેકેટ ચર્ચામાં રહી છે. જોકે ખાસ વાત તો એ છે કે આ જેકેટ રિસાઈકલ કરેલી પ્લાસ્ટિકની બોટલથી તૈયાર કરાઈ હતી. પીએમ મોદી બુધવારે બજેટ સત્ર દરમિયાન આ જેકેટ પહેરીને સંસદમાં પહોંચ્યા હતા.



બુધવારે સંસદમાં પીએમ મોદી જે જેકેટ પહેરીને આવ્યા હતા તે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન તરફથી તેમને ભેટ કરવામાં આવી હતી. પીએમઓના અહેવાલ અનુસાર પીએમ મોદીએ સોમવારે જ કર્ણાટકની રાજધાની બેંગ્લુરુમાં ભારત ઊર્જા સમારોહનું ઉદઘાટન કર્યું હતું. તે દરમિયાન તેમણે ઈન્ડિયન ઓઈલ દ્વારા તૈયાર કરાયેલા અનબોટલ્ડ પહેલ હેઠળ યુનિફોર્મ પણ લોન્ચ કર્યુ હતું.

● અનુસંધાન પાન-પર

# વડાપ્રધાન સામે આક્ષેપો બદલ રાહુલ ગાંધીને વિશેષાધિકાર ભંગની નોટિસ

## વડાપ્રધાન સામે પુરાવા વગર આરોપ કર્યાનો આક્ષેપ : સાંસદ નિશિકાંત દુબેએ તેમના પત્રમાં કહ્યું કે રાહુલ ગાંધીના આરોપો ખોટા અને ગેરમાર્ગે દોરે તેવા હતા

નવી દિલ્હી, તા.૮

લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોમાં રાષ્ટ્રપતિના અભિભાષણના ધન્યવાદ પ્રસ્તાવ અંગે ચર્ચા આજે પણ જારી રહી. કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪ અંગે સામાન્ય ચર્ચા પણ બંને ગૃહોમાં લિસ્ટેડ છે. આ દરમિયાન ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગની નોટિસ પાઠવી હતી.

તેમણે લોકસભા અધ્યક્ષને પત્ર લખીને કહ્યું કે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ૭ ફેબ્રુઆરીએ સંસદમાં કોઈપણ પ્રકારના પુરાવા વિના વડાપ્રધાન સામે ગંભીર આરોપો મૂક્યા હતા. નિશિકાંત દુબેએ તેમના



પત્રમાં કહ્યું કે રાહુલ ગાંધીના આરોપો ખોટા અને ગેરમાર્ગે દોરે તેવા હતા. તેમણે રાહુલ ગાંધી સામે કાર્યવાહી કરવાનું પણ આહ્વાન કર્યું હતું.

ભાજપ સાંસદે કહ્યું કે લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણના મોશન ઓફ થેક્ન્સ અંગેની ડિબેટમાં ભાગ લેતા સાંસદ રાહુલ ગાંધીએ વડાપ્રધાન વિરુદ્ધ અનેક અનવેરિફાઈડ, વાંધાજનક અને માનહાનિ કરે તેવા નિવેદન આપ્યા હતા. બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદે પણ એક પત્રકાર પરિષદમાં કહ્યું કે રાહુલ ગાંધીએ લોકસભામાં જે કંઈ કહ્યું તે શરમજનક હતું. તેમના તમામ આરોપો પાયાવિહોણા હતા.

# ઝૂમની લગભગ ૧૩૦૦ કે ૧૫ ટકા કર્મચારીને છૂટા કરવા યોજના

## વિશ્વભરની મોટી આઈટી કંપનીઓમાં છટણીનો દોર : કંપનીના સીઇઓ એરિક યુઆને આ અંગે માહિતી આપી

સાન ફ્રાન્સિસ્કો, તા.૮

હવે કમ્યુનિકેશન ટેક્નોલોજી ફર્મ ઝૂમતેના લગભગ ૧૩૦૦ કર્ચારીઓ કે પછી ૧૫ ટકા કર્મચારીઓની છટણીની યોજના બનાવી રહી છે. કંપનીના સીઈઓ એરિક યુઆને તેમના સત્તાવાર બ્લોગ પર આ અંગે માહિતી આપી હતી. તેમણે બ્લોગમાં જણાવ્યું કે અમેરિકામાં કામ કરતાં પ્રભાવિત 'અમારા મહેનતી, પ્રતિભાશાળી સહયોગી'કર્મચારીઓ તમને એક ઈમેઈલ મળશે અને તમામ બિન અમેરિકી કર્મચારીઓને સ્થાનિક જરૂરિયાતો અનુસાર પણ જાણ કરાશે. યુઆને વધુમાં જણાવ્યું કે જો તમે અમેરિકામાં કામ કરી રહ્યા છો અને તમે પણ આ છટણીમાં સામેલ છો તો તમને આગામી ૩૦ મિનિટમાં ઝૂમ અને વ્યક્તિગત ઈનબોક્સમાં એક ઈમેલ મળશે. જેમાં લખ્યું હશે કે ચઈમ્પેક્ટેડ્ ડિપાર્ટિંગ ઝૂમઃ વ્હોટ યૂ નીડ ટુ નો. બિન અમેરિકી કર્મચારીઓને સ્થાનિક જરુરિયાતો અનુસાર સૂચના મોકલાશે.

જોકે જે અમેરિકામાં કામ કરતા હતા અને આ છટણીમાં સામેલ છે તેમને ૧૬ સપ્તાહનો પગાર અને સ્વાસ્થ્ય સેવા કવરેજની ઓફર કરાશે. કંપનીના ૨૦૨૩ના નાણાકીય વર્ષ દરમિયાન પરફોર્મન્સને ધ્યાનમાં રાખીને વાર્ષિક બોનસ પણ ચૂકવાશે.

# ઔરંગાબાદમાં આદિત્ય ઠાકરેના કાફલા ઉપર પત્થરમારો કરાયો

## પાર્ટીની શિવ સંવાદ યાત્રા દરમિયાન સ્થાનિક ધારાસભ્ય રમેશ જનમારેના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા

ઔરંગાબાદ, તા.૮

મહારાષ્ટ્રના ઔરંગાબાદમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે જૂથ)ના નેતા આદિત્ય ઠાકરેના કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આદિત્ય ઠાકરે જ્યારે પાર્ટીની શિવ સંવાદ યાત્રા દરમિયાન ઔરંગાબાદના વૈજાપુર વિસ્તારમાં હાજર હતા ત્યારે તેમના કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

આ મુલાકાત દરમિયાન શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેના કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

બીજી તરફ વિધાન પરિષદના સભ્ય અંબાદાસ દાનવેએ આ ઘટના પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, જ્યારે અમે સભા સ્થળ છોડી રહ્યા હતા ત્યારે કાફલા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ દરમિયાન લોકોએ સ્થાનિક ધારાસભ્ય રમેશ જનમારેના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા. ટોળામાં હાજર અસામાજિક તત્વો દ્વારા બે જૂથો વચ્ચે અણબનાવ સર્જવાનો આ પ્રયાસ હતો.

વિધાન પરિષદના સભ્ય અંબાદાસ દાનવેએ ઔરંગાબાદમાં આદિત્ય ઠાકરેના કાફલા પર પથ્થરમારાના મામલામાં સુરક્ષા ભંગને લઈને મહારાષ્ટ્ર પોલીસના મહાનિર્દેશકને પત્ર લખ્યો છે. દાનવેએ ડીજીપીને સુરક્ષા ભંગની ગંભીરતાથી તપાસ કરવા અને જરૂરી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો.